# રાજ્યમાં ધો. ૬થી ૮ના વર્ગો ૧૮મીથી આરંભાશે

**કોરોના કેસમાં સતત ઘટાડાના પગલે સરકારનો નિર્ણય : સરકાર દ્વારા જાહેર કરાયેલી ગાઈડ લાઈન્સના અમલ સાથે વધુ બે વર્ગ શરુ થશે, શાળાએ જવું ફરજિયાત નથી**

ગાંધીનગર, તા. ૧૩

ધોરણ ૯થી ૧૨ના વર્ગો શરુ થયા બાદ હવે ગુજરાત સરકારે કોરોનાના કેસોમાં સતત થઈ રહેલા ઘટાડાને ધ્યાનમાં રાખી ધોરણ ૬થી ૮ના વર્ગો શરુ કરવાની જાહેરાત કરી છે. સરકાર દ્વારા જણાવાયું છે કે, ૧૮મી ફેબ્રુઆરીથી પ્રાથમિક શાળાના ધોરણ ૬થી ૮ના વર્ગો શરુ થઈ જશે. શિક્ષણ સચિવ વિનોદ રાવના જણાવ્યા અનુસાર, સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી ગાઈડ લાઈન્સના ચૂસ્ત અમલ સાથે વધુ બે વર્ગો શરુ કરવામાં આવશે.

શિક્ષણ સચિવે એવી પણ સ્પષ્ટતા કરી છે કે, કોઈપણ વિદ્યાર્થી માટે સ્કૂલમાં આવવું ફરજિયાત નથી. જોકે, જે વિદ્યાર્થીઓ સ્કૂલમાં આવવા માગતા હોય તેમને પોતાના વાલી તરફથી અપાયેલું સંમતિ પત્ર સ્કૂલમાં જમા કરાવવાનું રહેશે. સ્કૂલ ભલે ચાલુ થાય, પરંતુ તેની સાથે ઓનલાઈન ક્લાસ પણ ચાલુ જ રખાશે.

ઉલ્લેખનીય છે કે, કોરોનાના કેસો ઘટતાં જાન્યુઆરી મહિનાથી જ રાજ્યની સ્કૂલો, કોલેજો તેમજ આઈટીઆઈ ક્રમશઃ ખૂલી રહી છે. ૧૧ જાન્યુઆરીએ રાજ્યમાં ધોરણ ૧૦-૧૨ અને કોલેજના છેલ્લા વર્ષના વર્ગો શરુ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ધોરણ ૯થી ૧૧ના ક્લાસ પણ ૧ ફેબ્રુઆરીથી શરુ કરાયા હતા. છેલ્લે સરકારે ૮ ફેબ્રુઆરીથી કોલેજના પહેલા વર્ષના ક્લાસ પણ શરુ કરી દેવાની જાહેરાત કરી હતી.

સરકારનો દાવો છે કે ધોરણ ૯થી ૧૨ના વર્ગો શરુ થયા ત્યારે શરુઆતમાં ૪૦ ટકા જેટલા વિદ્યાર્થીઓ જ સ્કૂલે આવતાં હતાં, પરંતુ હવે આ સંખ્યા વધીને ૭૦-૭૨ ટકા જેટલી થઈ ગઈ છે. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બાદ હવે પ્રાઈમરીના પણ છેલ્લા બે વર્ષના વર્ગો શરુ કરી દેવાયા છે ત્યારે આગામી દિવસોમાં વધુ વર્ગો શરુ કરાશે તેવી પણ શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ગુજરાતમાં કોરોનાના કેસ સતત ઘટી રહ્યા છે. દિવાળી બાદ આવેલા જોરદાર ઉછાળા બાદ હવે કોરોનાના કેસોમાં દિનપ્રતિ દિન થઈ રહેલા ઘટાડાને કારણે સ્કૂલો-કોલેજો ધમધમતી થવા લાગી છે. આ વખતે બોર્ડની પરીક્ષા પણ મે મહિનામાં લેવાનું સરકાર દ્વારા જાહેર કરવામાં આવ્યું છે. આ સિવાય બીજા વર્ગોની પણ પરીક્ષા થશે તેમજ આ વખતે કોઈને માસ પ્રમોશન નહીં અપાય તેવી પણ સરકાર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે. ગયા વર્ષે માર્ચ મહિનાના છેલ્લા સપ્તાહમાં જ સમગ્ર દેશભરમાં લોકડાઉન લાગુ થઈ જતાં સ્કૂલો પણ બંધ થઈ ગઈ હતી. સ્થિતિ ખૂબ જ ગંભીર બનતા ધોરણ ૧૦-૧૨ સિવાયના બધા વર્ગના છાત્રોને માસ પ્રમોશન આપી દેવામાં આવ્યું હતું. સ્કૂલો ખૂલી ત્યારે પણ ઓનલાઈન એજ્યુકેશન દ્વારા વિદ્યાર્થીઓને ભણાવવાના પ્રયાસો સતત ચાલુ રાખવામાં આવ્યા હતા.

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



**મને ટીકીટ કેમ ન આપો...? મને ત્રીસ વર્ષનો મારા પતિ મારી સાસુ અને મહોલ્લાના દરેક સાથે લડવાનો અનુભવ છે... સામેની પાર્ટીના ક ઉમેદવારની લડાઈ તો મારા માટે રમત છે...!!**

# કલોલ-માણસા-દહેગામ તાલુકા પંચાયતની ૮૦ બેઠક માટે ૩૫૮ ઉમેદવારો મેદાનમાં

**માણસામાં સૌથી વધુ ૧૩૩ ઉમેદવારો : કલોલ નગરપાલિકામાં ૪૪ બેઠક માટે ૧૮૩ ઉમેદવારો : દહેગામ નગરપાલિકાના પૂર્વ કાઉન્સીલરના પુત્રની અપક્ષ ઉમેદવારી**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં ૩ તાલુકા પંચાયતની ૮૦ બેઠકો માટે ૩૫૮ ઉમેદવારોએ જંગમાં ઝુકાવ્યુ છે. જિલ્લાની દહેગામ-કલોલ અને માણસા તાલુકાની ત્રણ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી માટે આજે ઉમેદવારી પત્ર ભરવાનો સમય પૂર્ણ થયો ત્યાં સુધીમાં કુલ ૩૫૮ ઉમેદવારો નોંધાયા છે. તાલુકા પંચાયતોમાં દહેગામની ૨૮ બેઠકો માટે ૯૬ ઉમેદવારોએ ઝુકાવ્યુ છે. તો માણસા તાલુકાની ૨૬ બેઠકો માટે ૧૩૩ ઉમેદવારોએ મેદાનમાં ઝંપલાવ્યુ છે. માણસામાં કેટલીક બેઠકો પર આપ આદમી પાર્ટીએ ઉમેદવારોને જંગમાં ઉતાર્યા છે. કલોલમાં ૨૬ બેઠકો માટે ૧૦૯ ઉમેદવારોએ ઝંપલાવ્યુ છે. અહિ પણ ક્યાંક ક્યાંક આપ આદમી પાર્ટીના ઉમેદવારોએ જંગમાં ઝુકાવ્યુ છે.

કલોલ નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં ૪૪ બેઠકો માટે ૧૮૩ ઉમેદવારોએ ઝુકાવ્યુ છે. માણસા નગરપાલિકાની એક બેઠક માટે પાંચ ઉમેદવારોએ ઝુકાવ્યુ છે. દહેગામ નગરપાલિકાની ચૂંટણીમાં પણ ઉમેદવારી પત્રો ભરાયા છે. આજે છેલ્લા દિવસે પૂર્વ કોર્પોરેટર કનુભાઈ રબારીના પુત્રએ અપક્ષ ઉમેદવારી નોંધાવતાં દહેગામ નગરપાલિકાના ચૂંટણી જંગમાં નવો વળાંક આવ્યો છે. તાલુકા પંચાયતની ચૂંટણીઓ માટે સોમવારે ઉમેદવારી પત્રોની ચકાસણી થશે અને મંગળવારે ઉમેદવારી પત્ર પાછા ખેંચવાનો અંતિમ દિવસ હોવાથી તે દિવસે જ ચિત્ર સ્પષ્ટ થશે.

## ખૂણેખાંચરેથી

- કોરોના વેક્સીનેશનની કામગીરીને લઈ આજે રજાના દિવસે પણ મુખ્ય સચિવ મુકીને જિલ્લાના અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ કરી સમીક્ષા યોજી હતી.
- ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં આજે ઉમેદવારી પત્ર ભરવાના અંતિમ દિવસે જેટલી ભીડ ઉમેદવારોનો ધસારો થવાનો અંદાજ હતો તેના પ્રમાણમાં ખુબ શાંતિપૂર્ણ વાતાવરણમાં સમગ્ર પ્રક્રિયા સંપન્ન થઈ છે.
- ગાંધીનગર શહેરમાં ઠંડીનું પ્રમાણ ઘટતાં અને દિવસે ગરમીનું પ્રમાણ વધતાં લોકો બેવડી ઋતુનો અનુભવ કરી રહ્યા છે.
- ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં આપ આદમી પાર્ટીએ ઉમેદવારો ઉભા કરી રાજકીય વાતાવરણમાં ઉત્તેજનાઓ ઉભી કરી છે.
- ગાંધીનગર જિલ્લામાં આજથી કોરોના વેક્સીનેશનનો બીજો રાઉન્ડ શરૂ થયો છે.
- ગાંધીનગર જિલ્લામાં કોરોનાના એક્ટીવ કેસ ૮૦થી નીચે થયા છે.

# જિલ્લામાં કોરોનાના નવા ૯ કેસ : ૭ ડિસ્ચાર્જ

**ગાંધીનગર તાલુકામાં ૩ અને કલોલમાં એક કેસ નોંધાયો : સે. ૨૯માં દંપત્તિ ઉપરાંત સે. ૨૮, ૩ અને ૨ માંથી કેસ મળ્યા**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના આજે વધુ નવ કેસ નોંધાયા છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૪ અને ગાંધીનગર શહેરમાં ૫ કેસ નોંધાયા છે.

જિલ્લામાં કેસોની સંખ્યામાં સતત ચડાવ-ઉતાર થતો રહેવાથી તંત્રની ચિંતા વધી છે. આજે ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા એક દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરેલ છે. બાકી ૮ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ગાંધીનગરમાં ૩ કેસ અને કલોલ તાલુકામાં ૧ કેસ નોંધાયો છે.

ગાંધીનગર તાલુકામાં ચંદ્રાલા, રતનપુર અને ઉવારસદ ગામેથી કેસો મળી આવેલ છે. ચંદ્રાલામાં ૭૩ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

કલોલ તાલુકાના આમજા ગામે ૨૮ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૪૦૪૮ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં આજે ૩૦ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે અને ગ્રામ્ય વિસ્તારમાં ૨૨૪૨ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના પાંચ કેસ નોંધાયા છે જેમાં એક મહિલા દર્દીનો સમાવેશ થાય છે. શહેરમાં નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં આજે સે. ૨૯માં એક દંપત્તિ કોરોનાની ઝપટે ચડી ગયુ છે. શહેરમાં કોરોના માટે સંવેદનશીલ બનેલ વિસ્તારોમાંથી કેસો મળી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે સે. ૨૯ માં બે, ઉપરાંત સે. ૨૮, ૩ અને ૨ માંથી પણ કેસો મળી આવેલ છે.

શહેરમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં આજે ૩૨ જેટલા એક્ટીવ કેસ હાલ સારવાર હેઠળ છે.



લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમીનાને ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સન્માનપત્ર આપવામાં આવ્યું છે. ગાંધીનગર લાયન્સ કલબ ફેમીનાની કોવિડ-૧૯ના સમયમાં સ્વચ્છતા અને પર્યાવરણ સુરક્ષાના કાર્યો દ્વારા નગર જીવનમાં નોંધનીય ફાળો આપનાર સંસ્થા તરીકે કોર્પોરેશન દ્વારા નોંધ લેવામાં આવી હતી. આ સિવાય સંસ્થા દ્વારા કોર્પોરેશનના તમામ સફાઈ કામદારોને અનાજની કીટ, માસ્ક, સેનેટાઈઝર વિતરણ, ઈ-વેસ્ટ તથા કચરાના નિકાલની યોજનામાં સક્રિય સહયોગ આપી નગરને સ્વચ્છ સુંદર બનાવવામાં ફાળો આપવા જેવા તમામ સરાહનીય કાર્યોની નોંધ લઈ મેયર રીટાબેન દ્વારા લાયન્સ કલબ ઓફ ફેમિનાની બહેનોનું સન્માન કરવામાં આવ્યું હતું.




અયોધ્યામાં રામમંદિરના નિર્માણ માટે દેશના નાગરિકો ઉદારહાથે ફાળો આપી રહ્યા છે. વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ તેમજ ભાજપના કાર્યકરો ઘરે ઘરેથી પણ રામ મંદિર માટે ફાળો એકત્રિત કરી રહ્યા છે. ત્યારે સામાન્ય નાગરિકો પણ રૂ ૧૦૦ થી લઈને રૂ ૫૦૦ સુધીનો ફાળો આપી ધન્યતા અનુભવે છે. ભાવિકો મંદિર નિર્માણ માટે ફાળો આપવા ઉત્સુક છે. ત્યારે બી એ પી એસ સંસ્થા દ્વારા પણ રામ મંદિરના નિર્માણ માટે રૂ ૨,૧૧,૧૧,૧૧૧ ની રકમ આપી છે. અમદવાદા શાહીબાગ મંદિરે ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી તેમજ સંસ્થાના કોષાધ્યક્ષ ગોવિંદજી મહારાજની ઉપસ્થિતિમાં આજે આ રકમનો ચેક અર્પણ કરાયો હતો.

# આંદોલનના અંતે પણ સિકસલેન પ્રોજેકટમાં ચાર હજાર વૃક્ષોનો સોથ વળ્યો

**પ્રકૃતિ પ્રેમીઓમાં આક્રોશ : વનતંત્રએ જવાબ આપ્યો : વૃક્ષોની કટોતી મામલે માર્ગ મકાન વિભાગ તરફથી નિર્ણય લેવામાં આવ્યો છે**

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગરમાંથી પસાર થતા રાષ્ટ્રીય ધોરી માર્ગને છ માર્ગીય બનાવાની કામગીરીમાં અવરોધરૂપ ૪ હજારથી વધુ વૃક્ષોને અત્યારસુધી દુર કરાયા છે.જેની સામે અન્ય સ્થળોએ રોપા તેમજ વૃક્ષ ટ્રાન્સપ્લાન્ટ કરાયા હોવાનુ વનતંત્રએ જણાંવ્યુ છે. અઢી વર્ષ અગાઉ કેન્દ્ર સરકારની મંજુરી મેળવી ચિલોડાથી સરખેજ સુધીના રાષ્ટ્રીય ધોરી માર્ગને છ માર્ગીય બનાવાની કવાયત હાથ ધરવામાં આવી હતી ગાંધીનગરમાંથી પસાર થતા આ ધોરી માર્ગની કામગીરીમાં આડે આવતા વૃક્ષો કાપવાના નિર્ણય સામે રોષે ભરાયેલા પ્રકૃતિ પ્રેમીઓ અને જાગૃત નાગરિકો દ્વારા શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચની રાહબરી હેઠળ વિવિધ સંસ્થાઓના સહયોગથી રેલી ,સભા માનવ સાંકળ કેન્ડલ માર્ચ પોસ્ટકાર્ડ અને સહીઝુંબેશ જેવા કાર્યક્રમોનુ આયોજન કરી લાંબા સમય સુધી આંદોલન ચલાવી મુખ્યમંત્રી રાજપથથી લઈ કેન્દ્રીય રક્ષા સુધી પાટનગરના પર્યાવરણને બચાવવા રજુઆતો કરવામાં આવી હતી. જયારે કોર્ટમાં પણ અપીલ દાખલ કરવામાં આવી હતી. પરંતુ કોર્ટની સુનાવણી પહેલા જ હજારો વૃક્ષોનુ નિકંદન વળી ગયુ હતુ. આંદોલન અર્થ વિહિન બની જતા હાલ માર્ગ પર ઓવરબ્રિજ સહીતનુ કામ ચાલી રહ્યુ છે. ત્યારે આંદોલનકારી પ્રકૃતિ પ્રેમીઓને રજુઆતનો આઘાતજનક પ્રતિઉત્તર વનવિભાગ તરફથી મળ્યો છે. જેમાં વન સંરક્ષક ધારા ૧૯૯૦ હેઠળ મળેલ મંજુરી બાદ વૃક્ષોની કાપણી માર્ગ મકાન વિભાગને સોંપવામાં આવેલ હોય વૃક્ષો દુર કરવાની કામગીરી અંગે કોઈ નિર્ણય લેવાનો થતો ન હોવાનુ જણાંવી ચિલોડાથી વૈષ્ણોદેવી સુધીના વિસ્તારમાંથી દુર કરાયેલા અને ટ્રાન્સપ્લાન્ટ થયેલા રોપા અને વૃક્ષોની માહીતી આપી આ પ્રકરણ પર પડદો પાડી દેવાયો છે. નાયબ વનસંરક્ષકની કચેરીએ જણાંવ્યા મુજબ ચિલોડા સાબરમતી માર્ગ સુધીમાં ૧૯૬૯ વૃક્ષો કાપવાની અને સરગાસણથી વૈષ્ણોદેવી માર્ગ સુધીમાં ૨ હજાર વૃક્ષો કાપવાની મંજુરી આપવામાં આવી હતી જે પૈકી ચિલોડા સાબરમત્તી માર્ગ પરથી ૨૧૧૫ વૃક્ષો અને સરગાસણથી વૈષ્ણોદેવી માર્ગ પર ૨૧૬૭ મળીને કુલ ૪૨૮૨ વૃક્ષો દુર કરી દેવાયા છે. જેની સામે સીઆર પી કેમ્પ , સમર્પણ કોલેજ સે-૮ અને અડાલજ બ્રિજ પાસેની જમીન પર વૃક્ષો ટ્રાન્સપ્લાન્ટ કરાયા હોવાનુ જણાવાયુ છે.

# શહેરના જુના સેકટરોમાં ૧૪૦૫ આવાસો તોડવા માટે તંત્રએ દરખાસ્ત કરી

**સે-૨૨ થી ૨૯માં જુદી જુદી કક્ષાના સરકારી આવાસો ભયજનક : તબક્કાવાર તોડવામાં આવશે**

ગાંધીનગર તા ૧૩

શહેરના જુના સેકટરોમાં જોખમી અને જર્જરિત આવાસો તોડવા માટે તંત્ર દ્વારા દરખાસ્ત કરી વિભાગને સુપ્રત કરી દેવામાં આવી છે. જેમાં સે-૨૨ થી ૨૯ માં વિવિધ કેટેગરીના અંદાજિત ૧૪૦૫ આવાસો તોડી નાંખવા માટે તંત્રએ જુદી જુદી કક્ષા મુજબ યાદી તૈયાર કરી વિભાગને સુપ્રત કરી છે. જેના અંતે તબક્કાવાર મકાનો તોડવા માટે મંજુરી અપાશે.

શહેરના નવા અને જુના સેકટરોમાં સ્થિત સરકારી આવાસો રહેણાંકને લાયક રહ્યા નથી ત્યારે તબક્કાવાર કંગાળ સરકારી આવાસો તોડવા માટે કામ હાથ ધરવામાં આવે છે. સે-૨૨, સે-૨૩, સે-૨૮ , સે-૨૯ માં ૧૪૦૫ મકાનો તોડવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. જયારે આ પૈકી ૭૧૦ મકાનોમાં કર્મચારીઓનુ રહેણાંક છે. આ ઉપરાંત ૬૯૬ મકાનો ખાલી છે. તંત્ર દ્વારા આ સેકટરોમાં જુદી જુદી કક્ષાના સરકારી આવાસો તોડવા માટે તબક્કાવાર દરખાસ્ત કરવામાં આવે છે. સે-૧૭ અને સે-૧૨ માં પણ ૧૩૪ આવાસો તોડવા માટે મંજુરી આપવામાં આવી છે. સેકટરોમાં જુના અને જર્જિરત આવાસો તોડવા માટે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. જેમાં સે-૨૨ થી ૨૯ માં કુલ ૧૪૦૫ મકાનો તોડવા માટે આયોજન કરાયુ છે. વિવિધ કક્ષાના આ આવાસો પૈકી હાલમાં ૭૧૦ મકાનોમાં રહેણાંક છે. જયારે ૬૯૬ મકાનો ખાલી છે. તંત્રએ માર્ગ મકાન વિભાગને આ અન્વયે દરખાસ્ત કરવામાં આવી છે. આવાસોને તોડીને જગ્યા ખુલ્લી થાય તે મુજબ સેકટરોમાં નવા સરકારી આવાસોનુ પણ બાંધકામ કરાશે હાલ શહેરના સે-૬ માં પણ જુના આવાસો તોડીને નવા આવાસો બાંધવા માટે કામગીરી પુર્ણતાના આરે છે. ત્યારે જુના અને જોખમી આવાસો આમ પણ રહેણાંકને લાયક રહ્યા નથી ત્યારે હવે આ આવાસોનો નિકાલ કરી નવા મકાનો બાંધવા માટે પણ કામ હાથ ધરવામાં આવી રહ્યુ છે. ટુંકમાં નવા આવાસોના બાંધકામ માટે નવી સાઈટ પણ નક્કી કરાશે.

## હાલીસા બેઠક પર મેન્ડેટમાં છેલ્લી ઘડીએ ફેરફાર માટે આર્થિક લેવડ-દેવડ થઈ !

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં હાલીસા બેઠક માટેના મેન્ડેટમાં છેલ્લી ઘડીએ આર્થિક લેવડ-દેવડને લઈ ફેરફાર થયાની વાતે કોંગ્રેસના આંતર-ક્લહમાં ઘી હોમ્યુ છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની ૨૮ બેઠકો માટે ઉમેદવારી પત્ર ભરવાના અંતિમ દિવસે પ્રક્રિયા સંપન્ન થઈ ગયા પછી પણ કોંગ્રેસ સત્તાવાર ઉમેદવારોની યાદી જાહેર કરી શકી નથી.

દહેગામ તાલુકાની હાલીસા બેઠક માટે ગત ટર્મના ઉમેદવારની પુનઃ પસંદગી કરાઈ હોવાનું તેમજ ફોર્મ ભરવાની સૂચના જિલ્લા એકમ અને પ્રદેશ નેતાગીરીએ પણ સ્વીકાર્યા પછી એકાએક છેલ્લી મિનિટોમાં ફેરફાર કરાતાં દહેગામના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.

દહેગામ તાલુકામાં આજે જિલ્લા કોંગ્રેસ પ્રમુખે ઉમેદવારી નોંધાવી છે અને હાલીસા બેઠક પર આર્થિક લેવડ-દેવડને લઈ મેન્ડેટ ફેરવાયો હોવાનો આક્ષેપ પૂર્વ સભ્યએ કરતાં કોંગ્રેસની હાલત કફોડી બની છે.

## સરદાર પટેલ યુનિવર્સિટી વિદ્યાનગરના સોશિયલ વર્ક ડિપાર્ટમેન્ટ અને નેસ્કો ફાઉન્ડેશન દ્વારા સ્ટાર્ટ અપ ટોકનું આયોજન

ગાંધીનગર, તા. ૧૩

સરદાર પટેલ યુનિવર્સિટી વિદ્યાનગરના સોશિયલ વર્ક ડિપાર્ટમેન્ટ અને નેસ્કો ફઉન્ડેશન દ્વારા સ્ટાર્ટ અપ ટોકનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં વિદ્યાર્થીઓમાં સ્ટાર્ટ અપ અને વ્યવસાય બાબતે જાગૃતિ વધે તે માટે નેસ્કો ઈંક્યુબેશન સેન્ટરના મુખ્ય અધિકારી દ્વારા માર્ગદર્શક પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું.




આ કાર્યક્રમનું સંચાલન સંજય ચૌહાણ, હરદીપસિંહ રાણા અને માનસી જાદવ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના ખાસ ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓ અને સ્ટાર્ટઅપ સાથે જોડાયેલ સભ્યોએ હાજરી આપી હતી.

# ઘ-૫ ખાણી-પીણી બજારમાં નવી ગટર લાઈનનુ કામ હાથ ધરાશે

**ફુડકોર્ટ વિસ્તારમાં સ્ટ્રીટ લાઇટના થાંભલા પણ નવા નાંખવામાં આવશે**

શહેરના હાર્દ સમા વિસ્તાર ઘ-૫ સ્થિત ફુડકોર્ટમાં ખાણીપીણીના સ્ટોલ્સને અનુલક્ષી તંત્ર દ્વારા સ્ટ્રીટ લાઈટ તેમજ ગટર લાઈનનુ કામ હાથ ધરાશે. ફુડકોર્ટના વિસ્તારમાં છેલ્લા ઘણાં સમયથી ગટરોનુ દુષિત પાણી ઉભરાતુ હોવાની ફરિયાદો ઉઠવા પામી હતી જેને અનુલક્ષી તંત્ર દ્વારા નવી લાઈન નાંખવા માટે પણ ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે.

શહેરના હાર્દ સમા વિસ્તારમાં સ્થિત ઘ-૫ ફુડકોર્ટના સ્ટોલ્સનુ થોડા સમય અગાઉ રીનોવેશન કરવામાં આવ્યુ છે.ફુડકોર્ટમાં લાંબા સમયથી પડતર દુકાનોનુ રીનોવેશન કરાયા બાદ સ્ટોલ્સની ફાળવણી કરવા માટે પણ આયોજન કરાયુ છે. જયારે ફુડકોર્ટ વિસ્તારમાં છેલ્લા ઘણાં સમયથી ગટરનુ દુષિત પાણી ઉભરાતુ હોવાની ફરિયાદો પણ ઉઠવા પામે છે. જયારે ગટરના પાણીના લીધે ગંદકીની સમસ્યા પણ જટીલ બની છે. આવા સંજોગોમાં આ વિસ્તારમાં નવી લાઈન નાંખવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી હતી. જેને અનુલક્ષી તંત્ર દ્વારા ફુડકોર્ટમાં નવી ગટર લાઈન નાંખવા તેમજ સ્ટ્રીટ લાઈટનુ કામ હાથ ધરવા માટે પણ આયોજન કરવામાં આવ્યુ છે. આ કામગીરીને અનુલક્ષીને અંદાજિત રૂ ૯૦ લાખનો ખર્ચ કરવામાં આવશે. જેમાં નવી લાઈન ઉપરાંત સ્ટ્રીટ લાઈટના નવા થાંભલા પણ નાંખવામાં આવશે. આ કામગીરીને અનુલક્ષીને તંત્ર દ્વારા ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી છે. જેના અંતે કામ પણ શરૂ કરી દેવાશે. ઘ-૫ સ્થિત ફુડકોર્ટ અનેક સમસ્યાઓથી ઘેરાયેલી છે. ત્યારે ફુડકોર્ટના રીનોવેશન માટે પણ તંત્રએ લાખો રુપિયા ખર્ચવાનો વારો આવ્યો છે. ઘ-૫ ના ખાણીપીણી બજારમાં રોજબરોજ સંખ્યાબંધ મુલાકાતીઓ આવે છે. જયારે ખાણીપીણી બજારમાં જ ગંદકી સર્જાતા સ્થાનિક સ્ટોલ્સ ધારકો દ્વારા પણ આ વિસ્તારમાં ઝડપથી સમસ્યા દુર કરવા માટે રજુઆત કરવામાં આવી હતી. રોજબરોજ ઉભરાતા ગટરના દુષિત પાણીના લીધે રોગચાળાની દહેશત પણ પ્રબળ બની છે. જયારે ટુંક સમયમાં ઘ-૫ ખાણી પીણી બજારમાં ગટર લાઈનનુ કામ હાથ ધરવામાં આવતા ફુડકોર્ટના સ્ટોલ ધારકોની સમસ્યાનો અંત આવશે.

પ્રખ્યાત માયાવી અઘોરી બાપુ
સ્મશાનિક, તાંત્રિક, અઘોરી, બંગાળી, સીપલી, ઈલ્મ, તાંડવ ક્રિયાના મહાન જાણકાર



સ્પે. ગુપ્તધનનાં ખાસ જાણકાર
૧૮૪ ક્રિયાના જાણકાર
માટી લઈને રૂબરૂ મળો
સપનામાં આવે છે તો પણ કેમ નથી મળતું?
ઘરે બેઠા સમાધાન - 24x7 Free Advice
મહામોહીની વશીકરણ | પ્રેમી-પંખીડા મિલન | પતિ-પત્ની ઝઘડા | તુટેલા સંબંધ જોડો
સેકટર-૨૨, ગાંધીનગર 9099794928